## સંક્ષિપ્ત સમાચાર

### મોરથાણા ગામમાં રૂપિયા લઈ નાસી છૂટેલો મેનેજર પકડાયો



કામરેજ: કામરેજના મોરથાણા સ્થિત વાટિકા રિસોર્ટમાં મેનેજર તરીકે ફરજ બજાવતા જીત દક્ષિણી અને તેની પત્ની પૂનમકુમારી રિસોર્ટના કાર્યક્રમ પેટે મળેલા રૂ.2.25 લાખની ઉચાપત કરી ફરાર થઈ ગયા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપી જૂનાગઢના એક રિસોર્ટમાં મેનેજર તરીકે નોકરી કરતો હતો. કામરેજ પોલીસે બાતમીના આધારે જૂનાગઢના બલીયાવાડથી આરોપીની ધરપકડ કરી રોકડ રકમ રિકવર કરી કાર્યવાહી હાથ ધરી છે.

### સોનગઢમાં ગંદકી બાબતે મારામારી

સોનગઢ: સોનગઢ સરકારી ગેસ્ટ હાઉસમાં ફરજ બજાવતા શ્રમિક સાથે ઝઘડો અને મારામારી કરતાં જામકી ગામના સોમવેલ શંકરભાઇ ગામીત નામના શખ્સે સામે સોનગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર આરોપી છેલ્લા ત્રણ માસથી ગેસ્ટ હાઉસમાં નાહવા-ધોવા અને આરામ કરવા આવતો હતો અને ત્યાં ગંદકી કરતો હતો. ફરિયાદી રોહિતભાઈ ગામીતે તેને ગંદકી ન કરવા અને ત્યાં ન આવવા જણાવ્યું હતું. આ બાબતે ઉશ્કેરાઈને સોમવેલ ગામીતે આજે સવારે ૧૦:૪૫ વાગ્યે ગેસ્ટ હાઉસમાં આવી ગાળાગાળી કરી હતી. આરોપીએ ફરિયાદીને ઢીક્કામુક્કીનો માર મારી મોંના ભાગે ઇજા પહોંચાડી હતી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. અન્ય કર્મચારીઓએ વચ્ચે પડી ફરિયાદીને વધુ માર ખાતા બચાવ્યો હતો. સોનગઢ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વાંકલમાં પરપ્રાંતીય મહિલાનો આપઘાત

વાંકલ: મૂળ ઉત્તર પ્રદેશના અને હાલમાં માંગરોળના વાંકલ સ્થિત ભૈયા નગરમાં રહેતા પ્રેમચંદ ભારતી અને તેની પત્ની અસ્માબેન (28 વર્ષ) વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. પતિના ત્રાસ અંગે અસ્માએ અગાઉ પિતાને પણ જાણ કરી હતી. દરમિયાન, અસ્માએ પોતાના શરીર પર કેરોસીન છાંટી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર રીતે દાઝી ગયેલી મહિલાને સુરતની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું છે. મૃતકના પિતાની ફરિયાદના આધારે માંગરોળ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ખનોરા ગામમાં ચોરીનો ભેદ ઉકેલાયો

કુકરમુંડા: નિઝરના ખનોરા ગામે થયેલી ઘરફોડ ચોરીનો ગુનો નિઝર પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી ત્રણ આરોપી રાજુભાઈ છોટીયાભાઈ પાડવી (ઉં.વ.૫૬) (રહે.,નિશાળ ફળિયું, ખનોરા, તા. નિઝર, જિ. તાપી), વસંત સદુ પવાર (ઉં.વ.૫૩) (રહે.,સુંદરદે, બંદ્રીજીરા, તા.નંદુરબાર, મહારાષ્ટ્ર) અને દત્તુ રામદાસ પવાર (ઉં.વ.૪૭) (રહે.,દોંગડી, કન્ડયાલા, તા.સાક્રી, જિ.ધુલિયા, મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ રૂમકી તળાવ વિસ્તારમાં સોના-ચાંદીનાં ઘરેણાં વેચવાની ફિરાકમાં હતા. ત્યારે નિઝર પોલીસે ખાનગી બાતમીના આધારે વોચ ગોઠવી તેમને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી સોના-ચાંદીનાં ઘરેણાં સહિત કુલ રૂ.૧,૬૪,૭૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

### કડોદરામાં હથિયારબંધીના જાહેરનામાના ભંગ બદલ ચાર ઝડપાયા

પલસાણા: સુરત ગ્રામ્યના કડોદરા GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત રાત્રિએ સઘન કોમ્બિંગ દરમિયાન જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામાનો ઉલ્લંઘન કરતા 4 શખ્સને ઝડપી પાડવામાં આવ્યા હતા. તાતીથૈયા અને કડોદરા ચાર રસ્તા વિસ્તારમાંથી સૂરજ પ્રસાદ, અખિલેશકુમાર શાહ, વિનોદ જેસ્વાલ અને જિગર વાંસફોડા નામના યુવક તીક્ષ્ણ હથિયારો સાથે પકડાયા હતા. પોલીસે એક સ્કોર્પિયો ગાડી સહિત કુલ 3,00,300નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### અંબિકાના પુના ગામે ગેસ લાઇન તૂટી

અનાવલ: અંબિકાના પુના ગામે ગેસ લાઇનમાં ભંગાણ સર્જાતા મોટી દુર્ઘટના ટળી હોવાનો બનાવ સામે આવ્યો છે. આશ્રમ શાળામાં વીજ પોલ ઉભા કરવાના કામ દરમિયાન ગેસ પાઇપ તૂટી જતાં ભારે ગેસ લીકેજ થયું હતું, જેના કારણે ગામમાં ભયનો માહોલ ફેલાયો હતો. વીજ પોલ ઉભા કરતી એજન્સીની બેદરકારીના કારણે જમીનમાં રહેલી ચાલુ ગેસ લાઇનને નુકસાન પહોંચ્યું હતું. પરિણામે ગેસના સૂસવાટા સાથે લીકેજ શરૂ થયું, જેને લઈને સ્થાનિક લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા. આ ઘટના સાંજે આશરે 5 વાગ્યાના આસપાસ બની હતી. ગેસ સપ્લાય બંધ થતા ખાસ કરીને મહિલાઓને બાટલાની અછત વચ્ચે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ફરિયાદ બાદ ગેસ લાઇન ફરી શરૂ કરવામાં લગભગ પાંચ કલાકનો સમય લાગ્યો હતો અને રાત્રે આશરે 9 વાગ્યે સપ્લાય પુન:સ્થાપિત થયો હતો.

### ડેડિયાપાડામાં અકસ્માતમાં યુવાનનું મોત

ભરૂચ: ડેડિયાપાડા તાલુકાના ચીકદા ચોકડી નજીક રોડ પર ફોરવ્હીલ ચાલકે રાહદારીને ટક્કર મારતા થયેલા અકસ્માતમાં 38 વર્ષીય વ્યક્તિનું મોત થયાનું સામે આવ્યું છે. શનિવાર તા.28મી માર્ચે ડેડિયાપાડાની ચીકદા ચોકડીથી દક્ષિણ તરફ આશરે 1 કિ.મી.દૂર સાંજે લગભગ 8 વાગ્યાના સમયે અકસ્માત સર્જાયો હતો. જેમાં ફોરવ્હીલ ગાડી નં.(GJ-22-H-0025)ના ચાલકે વાહન બેદરકારીપૂર્વક હંકારી 38 વર્ષિય સુરેશભાઈ રામજીભાઈ વસાવા (રહે.,ખોખરાઉમર નિશાળ ફળિયું, તા.ડેડિયાપાડા, જિ.નર્મદા)ને ટક્કર મારી હતી. જેમાં સુરેશભાઈ વસાવાને કપાળ, ડાબી આંખની બાજુ તથા ચહેરાના ભાગે ગંભીર ઇજા પહોંચતાં તેનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત બાદ વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આ બનાવ અંગે ખેતમજૂરી કરતા મૃતકના ભાઈ મથુરભાઈ રામજીભાઈ વસાવાએ ડેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધ્યો હતો.


Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar
The Revenge
11:00am, 12:00pm,
01:00pm, 03:30pm,
04:30pm, 05:15pm,
08:00pm, 09:00pm,
09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


# તાપી જિલ્લાની સિંચાઈ યોજના 165 ગામના લોકોની તરસ છીપાવશે

**૧૬૦૦ કરોડના ખર્ચે સાકાર થનારી વિવિધ ઉદવહન સિંચાઇ યોજનાનું ઇ-લોકાર્પણ અને ઇ-ખાતમુહૂર્ત**



ગાંધીનગર, વ્યારા: સીએમ ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા તાપી જિલ્લાના આદિજાતિ વિસ્તારો માટે વિકાસના મહત્ત્વના પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું છે. ઉકાઈ જળાશય આધારિત અંદાજિત રૂ.૧૬૦૦ કરોડથી વધુના ખર્ચે સાકાર થનારી વિવિધ ઉદ્વહન સિંચાઈ યોજનાઓનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રકલ્પોથી દક્ષિણ ગુજરાતના ડુંગરાળ વિસ્તારોના હજારો ખેડૂતોની ખેતી સમૃદ્ધ બનશે. મુખ્યમંત્રીએ રૂ.૯૬૨.૧૨ કરોડના ખર્ચે પૂર્ણ થયેલી સોનગઢ, ઉચ્છલ અને નિઝર ઉદ્વહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ કર્યું હતું. આ યોજનાથી સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકાના કુલ ૧૩૬ ગામોને સીધો ફાયદો થશે. આશરે ૨૮,૦૦૦ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળતા ખેડૂતો હવે બારેમાસ પાક લઈ શકશે.

### તાપી મૈયાના નીરના વધામણા

ઉચ્છલ તાલુકાના બાબરઘાટ ખાતે આયોજિત કાર્યક્રમમાં પ્રભારી મંત્રી નરેશ પટેલ, રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ અને ડો. જયરામ ગામીતે ઉપસ્થિત રહી તાપી મૈયાના નીરના વધામણા કર્યા હતા. રાજ્ય સરકારના મંત્રીઓએ ખેડૂતોને ડ્રિપ ઇરિગેશન (ટપક સિંચાઈ) પદ્ધતિ અપનાવવા અને સરકારની સબસિડીનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે આદિજાતિ સમુદાયના ઉત્થાન અને ખેતીની સમૃદ્ધિની ઝાંખી દર્શાવતી એક શોર્ટ ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી. આ યોજનાઓના અમલીકરણથી તાપી જિલ્લો હવે સિંચાઈ ક્ષેત્રે સ્વનિર્ભરતા તરફ મક્કમ ડગ માંડી રહ્યો છે.

### બોરીસાવર યોજનાનું ખાતમુહૂર્ત: સોનગઢ-વ્યારાને મળશે નવું બળ

આ પ્રસંગે રૂ. ૬૫૧.૩૭ કરોડના ખર્ચે સાકાર થનારી બોરીસાવર ઉદ્વહન સિંચાઈ યોજનાનું ઇ-ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. આ યોજના દ્વારા સોનગઢ અને વ્યારા તાલુકાના ૨૯ ગામોની ૮,૦૦૦ હેક્ટરથી વધુ જમીન સિંચાઈ સુવિધાથી સજ્જ થશે. વર્ચ્યુઅલ સંબોધનમાં સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદીએ હંમેશા 'સેચ્યુરેશન એપ્રોચ' અને વનબંધુ કલ્યાણ યોજના દ્વારા આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપી છે. તેમણે ઉમેર્યું કે, આજે ઇજનેરી કૌશલ્યના સહારે આપણે ઉકાઈ ડેમનું પાણી ઊંચાઈવાળા ડુંગરાળ વિસ્તારો સુધી પહોંચાડી રહ્યા છીએ, જે છેવાડાના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

# સત્તાવાર આદેશ: તાપીમાં વાલોડ અને ઉચ્છલના ટીડીઓની બદલી

**તાપી જિલ્લા પંચાયતના નાયબ ચીટનીશ પીયૂષ ગામીતની નિઝર તેમજ વિસ્તરણ અધિકારી રમેશ ગામીતની ઉકાઈ TDO તરીકે નિમણૂક**

### તાપી જિલ્લામાંથી 3 RFOની બદલી

રાજ્યમાં વન વિભાગ દ્વારા 365 જેટલા RFOની બદલી કરવામાં આવી છે, જેમાં તાપીમાં વ્યારા વન વિભાગમાં પણ 3 RFOની જાહેર હિતમાં બદલી કરવામાં આવી હતી. સાદડવેલ રેન્જમાં ફરજ બજાવતા ચિરાગ અજરાની સોનગઢ વિસ્તરણ રેન્જ-સામાજિક વનીકરણ વિભાગમાં, મલંગદેવ રેન્જમાં ફરજ બજાવતા મહિલા RFO માર્ટિના ગામીતની FTC કાકરાપાર-3 રિસર્ચ રાજપીપળા ખાતે તેમજ સ્ટ્રાઈકિંગ ફોર્સ વ્યારામાં ફરજ બજાવતા સપના ચૌધરીની કામરેજ વિસ્તરણ રેન્જ સુરત સામાજિક વનીકરણ વિભાગમાં કરવામાં આવી છે.

વ્યારા: રાજ્યમાં પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામવિકાસ વિભાગ દ્વારા વર્ગ-2ના 40 જેટલાં તાલુકા વિકાસ અધિકારીની સંવર્ગમાં ફરજ બજાવતા કર્મીઓ તેમજ સાગમટે બદલી કરવામાં આવી છે. ત્યારે તાપી જિલ્લામાં વાલોડ તાલુકા પંચાયત ફરજ બજાવતા TDO નિમેશ પટેલની સોજિત્રા, આણંદ ખાતે અને ઉચ્છલ તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા મહિલા TDO જુડીથ પટેલની ચીટનીશ કમ તાલુકા વિકાસ અધિકારી (જમીન દબાણ) તાપી જિલ્લા પંચાયત કચેરીમાં બદલી કરવામાં આવી છે. રાજ્યમાં 158 જેટલાં વર્ગ-3ના કર્મચારીઓને વર્ગ-2માં તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી આપવામાં આવી છે, જેમાં તાપી જિલ્લા પંચાયતનાં વર્ગ-3ના 2 કર્મચારીને TDOની બઢતી આપવામાં આવી છે, જેમાં જિલ્લા પંચાયત તાપીના નાયબ ચીટનીશ પીયૂષ ગામીતને તાલુકા પંચાયત નિઝર ખાતે અને જિલ્લા પંચાયતના વિસ્તરણ અધિકારી રમેશ ગામીતની ઉકાઈ તાલુકા પંચાયત કચેરીમાં બઢતી સાથે TDO તરીકે નિમણૂક કરવામાં આવી છે. તાપી જિલ્લામાં ઉચ્છલ તાલુકામાં તાલુકા વિકાસ અધિકારી તરીકે નર્મદા જિલ્લા પંચાયતનાં નાયબ ચીટનીશ દિવ્યેશ વસાવા તેમજ વ્યારા તાલુકા પંચાયતમાં જૂનાગઢ જિલ્લા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા વિસ્તરણ અધિકારી નરોત્તમ આહીરની તાલુકા વિકાસ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી છે.

### પલસાણામાં ચોથા માળેથી પટકાતાં શ્રમિકનું મોત

પલસાણા: પલસાણા ગામના મેઘા પ્લાઝા, ગોપી રેસિડેન્સીના રૂમ નં.૩૦૫માં રહેતા ૩૫ વર્ષીય રાજેન્દ્ર હીરાલાલ ગુપ્તા ગત તા.૨૬ માર્ચ-૨૦૨૬ના રોજ બપોરે અગમ્ય કારણોસર બિલ્ડિંગના ચોથા માળેથી નીચે પટકાયા હતા. આ દુર્ઘટનામાં ઈજા થતાં નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં ત્રણ દિવસની સારવાર બાદ ગત તા.૨૯ માર્ચે તેમણે દમ તોડ્યો હતો. આ બનાવ અંગે દિનદયાલ ગુપ્તાએ પલસાણા પોલીસને જાણ કરતાં એ.એસ.આઈ. ચંદ્રદીપભાઈ રાજારામભાઈએ કાર્યવાહી હાથ ધરી છે.

### કડોદરામાં જુગાર રમતાં બે ઝડપાયા

પલસાણા: કડોદરા પોલીસની ટીમે બાતમીના આધારે શેઢાવ ગામના તળાવ પાસે જુગાર રમતા બે શખ્સને રાકેશ ગોસ્વામી અને સોપનીલ ભોઈની ધરપકડ કરી હતી, જ્યારે રાજુ સહિત અન્ય ચાર શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી ૧૦,૨૦૦ની રોકડ, બે મોબાઈલ ફોન અને પાંચ વાહનો (એક કાર અને ચાર બાઈક) મળી કુલ ૫,૯૦,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### તરસાડીના ચિસ્તીનગરની સગીરાના અપહરણની ફરિયાદ

હથોડા: તરસાડીના ચિસ્તીનગર ખાતે રહેતી 17 વર્ષની સગીરા ઘરેથી કોઈક કારણસર ક્યાંક ચાલી ગઈ અથવા તો તેનું કોઈ અજાણ્યો ઈસમ અપહરણ કરી તેણીને ક્યાંક લઈ જતા સગીરાના વાલીએ કોસંબા પોલીસમાં ઘટના બાબતે ફરિયાદ નોંધાવતાં પોલીસે ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.


**Shree Ganesh Khand Udyog Sahakari Mandli Ltd.**
At.Po. Vataria, Tal.Valia, Dist.Bharuch
Phone: 02643-257100, 257123, Fax-02643-257170,
Website: https://ganeshsugar.com Email: shreeganeshssk@gmail.com

**REQUIRED**

**Software Engineer – 1 Post**

**Qualification : Bachelor of Computer Application (BCA)**

**Experience : Minimum 2 years' experience with knowledge of ERP systems, Front-end technologies, VB.NET, C#, VB, ASP.NET & SQL Server**

Interested candidates may send their CV through **email or courier speed post** within **10 days from the date of publication**, along with complete bio-data including qualification, experience, present & expected salary.

Place : VATARIA — Ic. MANAGING DIRECTOR
Date: 30-03-2026


**જાહેર નોટીસ - ડી.એ.બારીઆ, ઈન્ચા.મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ સુરત શહેર અઠ્ઠામાની કોર્ટમાં**

નં.જ.મ.પ્ર/એસ.આર.નં. ૦૭/૨૦૨૬
તા. ૧૩/૦૩/૨૦૨૬

વાદી: ઝુબેદાબાનુ તે અહમદમીયા કાઝીની પુત્રી અને મૈયુદ્દીન કાઝીની પત્નિ બંને રહે.ટાવર મસ્જીદ પાસે, મહુધા, તા.મહુધા, જિ.ખેડા.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગર પાલિકા સુરત

વિષય :- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી ઝુબેદાબાનુ તે અહમદમીયા કાઝીની પુત્રી અને મૈયુદ્દીન કાઝીની પત્નિ, રહે. ટાવર મસ્જીદ પાસે, મહુધા, તા.મહુધા, જિ.ખેડાના પોતે ઝુબેદાબાનુ તે અહમદમીયા કાઝીની પુત્રી અને મૈયુદ્દીન કાઝીની પત્નિનું જન્મ તા.12/03/1952 ના રોજ કઠોર, તા.કામરેજ(હાલ-અઠ્ઠામા) જિ.સુરત ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(ડી.એ.બારીઆ)
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સુરત શહેર અઠ્ઠામા જિ.સુરત

**જાહેર નોટીસ - ડી.એ.બારીઆ, ઈન્ચા.મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ સુરત શહેર અઠ્ઠામાની કોર્ટમાં**

નં.જ.મ.પ્ર/એસ.આર.નં. ૦૬/૨૦૨૬
તા. ૧૩/૦૩/૨૦૨૬

વાદી: યુનુસ મહમદ તાઈ, બંને રહે.તાઈ ફળીયુ, બૌધાન, તા.માંડવી, જિ.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગર પાલિકા સુરત

વિષય :- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી યુનુસ મહમદ તાઈ, રહે. તાઈ ફળીયુ, બૌધાન, તા.માંડવી, જિ.સુરતના પોતે યુનુસ મહમદ તાઈનું જન્મ તા.04/04/1959 ના રોજ તાઈવાડ, કઠોર, તા.કામરેજ(હાલ-અઠ્ઠામા), જિ.સુરત ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(ડી.એ.બારીઆ)
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સુરત શહેર અઠ્ઠામા જિ.સુરત

**વેચાણ અંગેની જાહેર નોટીસ**

ગુજરાત રાજયનાં ડિસ્ટ્રીકટ **ભરૂચ** સબ ડિસ્ટ્રીકટ તાલુકા **અંકલેશ્વર** ના મોજે **માટીએડ** ગામ ની જમીન કે જેનો **બ્લોક/સરવે નંબર : ૫૨૭, જુનો બ્લોક/સરવે નંબર : ૫૮૫, ખાતા નંબર : ૯૮૩,** હે.આરે.ચો.મી. ૧-૦૭-૯૮, આકાર રૂા. ૯.૫૦ વાળી જુની શરતની ખેતીલાયક ઉપયોગની જમીનનાં માલીક **ઓઘવજીભાઈ ધરમજીભાઈ મુંજપરા**ની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટેદાર, વહીવટ હેઠળની તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટ્લ વાળી હોવાનું જણાવી શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજા સહીત તમામ હકકો સાથે અમારા અસીલશ્રીને કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે જેથી સદરહું જમીનમાં કે તેના હિસ્સા ઉપર જો કોઈ વંશ, વાલી, વારસ, શખ્સ, બેન્ક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, લેણાં, બોજો, બાનાખત, ચીઠ્ઠી કે દર દાવો હોય યા સદર વેચાણ વ્યવહાર સામે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ હોય તો તેમણે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દીન-૭ માં તે અંગેના તમામ પુરાવાઓ સાથે નીચેના સરનામે રૂબરૂમાં લેખિત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો સદરહું જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો છે નહી અને હોય તો તે જતા કરેલ છે તેમ સમજી મુદ્દત વીત્યે અમારા અસીલ, સદરહું જમીન વેચાણ રાખવા અંગેની કાયદેસરની તમામ કાર્યવાહી કરી-કરાવીને સદરહુ મિલકતના પાકા લખાણ/દસ્તાવેજ કરી-કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે ખાસ નોંધ લેવી. (તા.૩૧/૦૩/૨૦૨૬)

**વિશાલ વી. વઘાસીયા** તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ : ૧૦૧, પહેલો માળ, ઉમા કોમ્પલેક્ષ, નિલકંઠ રેસીડેન્સી સામે, કામરેજ ગામ રોડ, કામરેજ, સુરત-૩૯૪૧૮૦. મો.૯૮૭૯૮ ૨૩૨૭૭

## સંક્ષિપ્ત સમાચાર

### કુકરમુંડામાં રેતીખનન મુદ્દે આવેદન



કુકરમુંડા: કુકરમુંડા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કુકરમુંડા મામલતદારને આવેદનપત્ર આપી તાલુકામાં ચાલી રહેલા ગેરકાયદે રેતીખનન સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. તાલુકાના ગોરાસા અને કંડ્રોજ ગામ સહિતના વિસ્તારોમાં લાંબા સમયથી ગેરકાયદે રીતે રેતીની લીઝ ચાલી રહી હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. પરમિશન મળેલા વિસ્તારની બહાર જઈને પણ રેતી ઉપાડવામાં આવી રહી છે, જેના કારણે આસપાસના રસ્તાઓ તથા ખેતીને નુકસાન પહોંચી રહ્યું છે. જો તંત્ર દ્વારા યોગ્ય પગલાં નહીં લેવામાં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે.

### ઉમરપાડામાં પોષણ પખવાડિયાની ઉજવણી



વાંકલ: ઉમરપાડા તાલુકામાં અદાણી ફાઉન્ડેશન દ્વારા ૧૫ માર્ચથી ૩૦ માર્ચ દરમિયાન 'પોષણ પખવાડિયા'ની ભવ્ય અને અસરકારક ઉજવણી કરવામાં આવી હતી. આ અભિયાનનો મુખ્ય સૂર આદિવાસી સમાજમાં માતા અને બાળકના આરોગ્યમાં ગુણાત્મક સુધારો લાવી, કુપોષણમુક્ત સમાજનું નિર્માણ કરવાનો રહ્યો છે. આ પખવાડિયા દરમિયાન ઉમરપાડાના દુર્ગમ ગામડાઓમાં પરિવાર માર્ગદર્શન, સમૂહ ચર્ચા અને પૌષ્ટિક વાનગીઓના પ્રદર્શન જેવા કાર્યક્રમો યોજાયા હતા.

### માંડવીના PI સી.બી.ચૌહાણની અમદાવાદ બદલી



હિતેશ પટેલ

માંડવી: માંડવી પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર સી.બી.ચૌહાણની અમદાવાદ શહેર ખાતે બદલી કરવામાં આવી છે. તેમની વિદાય નિમિત્તે IPS અધિકારી અક્ષય એન્જિનિયરની અધ્યક્ષતામાં એક વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. પીઆઈ ચૌહાણે માંડવી પોલીસ મથકમાં છેલ્લાં પાંચ વર્ષથી વધુ સમય સુધી સેવાઓ આપી હતી. તેમના કાર્યકાળ દરમિયાન તેમણે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નોંધપાત્ર કામગીરી કરી હતી. તેમની કાર્યકુશળતા અને પારદર્શક વહીવટને કારણે તેઓ પોલીસ વિભાગ તેમજ સામાન્ય જનતામાં જાણીતા બન્યા હતા. વિદાય સમારંભમાં PI સી.બી. ચૌહાણને ફૂલહાર, શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે પોલીસ સ્ટાફ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પીએસઆઈ સહિત સમગ્ર પોલીસ સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યો હતો અને સૌએ તેમને નવી ફરજ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**બારડોલી એજ્યુકેશન સોસાયટી - મેનેજીંગ કમિટી અને ટ્રસ્ટી મંડળની ચૂંટણી અંગેનું જાહેરનામું**

બારડોલી એજ્યુકેશન સોસાયટી, ઈ/૭૭૮/સુરત અંગે સંયુકત ચેરિટી કમિશનરશ્રી, સુરતના ન્યાય પરચુરણ અરજી નં. ૨૦/૨૦૨૫ ના કામે તા. ૩૦/૦૧/૨૦૨૬ના હુકમ મુજબ જાહેર ટ્રસ્ટીની નોંધણી કચેરી, સુરતના નિરિક્ષકશ્રી રોનક શાહ અને ધવલ કેવડીયાની નિમણૂક ટ્રસ્ટીઓની તથા કમિટીની બંધારણની જોગવાઈ મુજબ થાય તે માટે નિમણૂક કરવામાં આવેલ છે. ટ્રસ્ટના બંધારણ મુજબ કમિટી તથા ટ્રસ્ટીઓની નિમણૂક / ચૂંટણી કામગીરીનો કાર્યક્રમ (જાહેરનામું) નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | તારીખ/ સમય | સ્થળ |
|---|---|---|---|
| ૧ | જાહેરનામાની પ્રસિધ્ધી | તા.૩૦/૦૩/૨૦૨૬ ના રોજ સમય ૪.૦૦ કલાકે | (૧) ટ્રસ્ટની ઓફીસઃ બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત, બી.એ.બી.એસ. હાઇસ્કુલ, બારડોલી, સુરત. (૨) વાર્તમાન પત્રમાં જાહેરાત |
| ૨ | ઉમેદવારી ફોર્મ મેળવવા માટે | તા.૧૨/૦૪/૨૦૨૬ના રોજ ૧૦-૦૦ થી ૧૧:૦૦ કલાક સુધી જનરલ બોર્ડની સભામાં | ટ્રસ્ટની ઓફીસઃ બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલીત, બી.એ.બી.એસ. હાઈસ્કુલ, બારડોલી, સુરત |
| ૩ | ઉમેદવારોના ફોર્મ ભરીને પરત સ્વિકારવાની તારીખ અને સમય | તા.૧૨/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧-૦૦ થી ૧૨-૦૦ કલાક સુધી. | - ઉપર મુજબ - |
| ૪ | ઉમેદવારોના ફોર્મ ચકાસણી કરવાની તારીખ અને સમય | તા.૧૨/૦૪/૨૦૨૬ ના રોજ ૧૨-૦૦ થી ૧૨-૩૦ કલાક સુધી | - ઉપર મુજબ - |
| ૫ | માન્ય ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ અને સમય | તા. ૧૨/૦૪/૨૦૨૬ના ના રોજ ૧૨-૩૦ કલાકે | - ઉપર મુજબ - |
| ૬ | ઉમેદવારી પત્રો પાછા ખેચવાની તારીખ અને સમય | તા.૧૨/૦૪/૨૦૨૬ ના રોજ ૧૨-૩૦ થી ૧૩-૦૦ કલાક સુધી | - ઉપર મુજબ - |
| ૭ | ઉમેદવારીની આખરી યાદી પ્રસિધ્ધીની તારીખ તથા સમય | તા. ૧૨/૦૪/૨૦૨૬ના ના રોજ ૧૩-૦૦ કલાકે | - ઉપર મુજબ - |
| ૮ | માન્ય ઉમેદરવારો/ઉમેદવારનાં એજન્ટની હાજરીમાં મતદાન શરૂ થતાં પહેલા મતપેટી સીલ કરવાની તારીખ અને સમય | જરૂર જણાય તો તા.૧૨/૦૪/૨૦૨૬ના રોજ ૧૪-૩૦ કલાકે | ટ્રસ્ટની ઓફીસઃ બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલીત, બી.એ.બી.એસ. હાઈસ્કુલ, બારડોલી, સુરત |
| ૯ | મતદાનની તારીખ અને સમય | જરૂર જણાય તો તા.૧૨/૦૪/૨૦૨૬ના રોજ ૧૫-૦૦ થી ૧૭-૦૦ કલાક સુધી | - ઉપર મુજબ - |
| ૧૦ | માન્ય ઉમેદવારો / ઉમેદવારનાં એજન્ટની હાજરીમાં મતદાન પુર્ણ થયા બાદ તુર્તજ મતપેટી સીલ કરવમાં આવશે, તેની તારીખ અને સમય | મતદાન પૂર્ણ થયા બાદ તુર્તજ | - ઉપર મુજબ - |
| ૧૧ | મતગણતરીની તારીખ અને સમય | મતદાન પૂર્ણ થયા પછી | - ઉપર મુજબ - |
| ૧૨ | ચુંટાયેલા સભ્યોના નામો જાહેર કરવાની તારીખ અને સમય | મત ગણતરી પૂર્ણ થયા બાદ તુર્તજ | - ઉપર મુજબ - |

નોંધઃ (૧) જાહેરનામાની પ્રસિધ્ધી સ્થળ (૧) ના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ ટ્રસ્ટના બંધારણ અને પી.ટી. આર અને સભ્યયાદી વેચાણે લીધા પછીજ ઉમેદવારી માટે કાર્યવાહી હાથ ધરવી.
(૨) જનરલ બોર્ડમાં ટ્રસ્ટના બંધારણની જોગવાઈ મુજબ તા.૩૧/૦૩/૨૦૨૫ની સ્થીતીએ નોંધાયેલા તામામ પ્રકારના સભ્યો રહેશે.
(૩) નિર્ધારીત કરેલ કમીટી અને ટ્રસ્ટીઓની સંખ્યા જેટલા જ ઉમેદવારી ફોર્મ ઉમેદવારીની આખરી યાદી પ્રસિધ્ધિના સમયે રહેશે તો ક્રમાંક ૮ થી ૧૨ મુજબની કાર્યવાહી કરવાની રહેશે નહી અને તારીખ ૧૨/૦૪/૨૦૨૬ના રોજ કમિટી અને ટ્રસ્ટીઓના નામો નીમણૂક પામેલ તરીકે જાહેર કરવામાં આવશે.
(૪) કમીટી અને ટ્રસ્ટી તરીકે ઉમેદવારી નોંધાવનાર સભ્યોએ પોતાની પાસે પાસપોર્ટ સાઈઝના ફોટો અને ઓળખના પુરાવાની નકલ સાથે રાખવી. તથા સભ્યોએ મત આપતા સમયે અસલ ઓળખનો પુરાવો સાથે રાખવો.

મારી રૂબરૂ

ચૂંટણી કમિશનરો
બારડોલી એજ્યુકેશન સોસાયટી
ઇ/૭૭૮/સુરત

નિરિક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
સુરત

સ્થળ: બારડોલી
તારીખ ૩૦/૦૩/૨૦૨૬

સભ્યયાદિ બાબતે

બારડોલી એજ્યુકેશન સોસાયટીના ધારાધોરણ મુજબ સોસાયટીમાં નોંધાયેલ સભ્યોની યાદી આજરોજ તા-૩૦/૦૩/૨૦૨૬ ના સાંજે ૦૪:૦૦ કલાકે સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહુ નામ કે અન્ય બાબતે સુધારા હોય તો તા-૦૧/૦૪/૨૦૨૬ અને તા-૦૨/૦૪/૨૦૨૬ ના દિવસે સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ કલાક સુધી ચૂંટણી સહાયકની રૂબરૂ વ્યક્તિગત રીતે પોતે હાજર રહી રજૂ કરવાના રહેશે અને તા-૦૩/૦૪/૨૦૨૬ ના રોજ સુધારા વધારા સાથેની સભ્ય યાદી નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે જે મુજબ તા-૧૨/૦૪/૨૦૨૬ ના રોજની મેનેજિંગ કમિટી અને ટ્રસ્ટીઓની નિમણુક ચુટણીની કામગીરી કરવામાં આવશે.